# Drawing



7


નિર્માણ

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

મુદ્રણ

ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર


શિક્ષક-આવૃત્તિ

# ચિત્રકલા



પ્રથમ સત્ર • દ્વિતીય સત્ર



ધોરણ-7

શિક્ષક-આવૃત્તિ

# ચિત્રકલા

## ધોરણ 7

(પ્રથમ સત્ર • દ્વિતીય સત્ર)

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

નિર્માણ
ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

મુદ્રણ
ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર

© ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને આધીન છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**નિર્માણ-સંયોજન :**
ડૉ. ટી. એસ. જોષી
હરેશ ચૌધરી
ઈકબાલ વોરા
ચંદ્રેશ પાલ્લીઆ

**સહ-કન્વીનર :**
ભરત અગ્રાવત
ભરત સેડાલા

**લેખન-સંપાદન :**
ધર્મેશ ચાવડા
કૃષ્ણકાંત કુંડારિયા
યોગેશ ચૌધરી
લાલજીભાઈ કણઝરિયા
બિપિન પટેલ
દિનેશ પટેલ
રાજેન્દ્ર વસાવા
જિતેન્દ્ર પટેલ
અશોક વસાવા
જયંતીભાઈ પંચાલ
અશ્વિન સરવૈયા
હરેશ ગોહિલ

**ચિત્રાંકન :**
હિતેષ પટેલ
વિજય પટેલ
જયંત પ્રણામી
સ્મિતબહેન રાણા

**ટાઈટલ ડિઝાઈન :**
ધર્મેશ ચાવડા

**મુદ્રણ-આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

RTE-2009 તેમજ NCF-2005 ને ધ્યાનમાં રાખીને સમગ્ર દેશમાં પ્રાથમિક શિક્ષણના અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકો તેમજ સમગ્ર શિક્ષણ-પ્રક્રિયામાં બદલાવ થઈ રહ્યો છે. આ બદલાવ મુખ્યત્વે જે-તે વિષયો અંગેની આપણી સમજ તેમજ શિક્ષણ-પ્રક્રિયા અંગેની સમજ અંગેનો છે. બાળકની સર્જનશીલતા, વિચારશક્તિ, તર્કશક્તિ અને પૃથક્કરણ કરવાની આવડત વિકસે એ નવા અભ્યાસક્રમનો મુખ્ય હેતુ છે. આ પાઠ્યપુસ્તકોમાં આપવામાં આવેલી પ્રવૃત્તિઓ એવી રીતે યોજવામાં આવી છે કે જેથી પ્રવૃત્તિ પછી એ અંગે ચર્ચા અથવા ચિંતન થાય, ઉપયોજન થાય અને શું શીખ્યા એ પણ તારવી શકાય. બાળકોને અવારનવાર વ્યક્તિગત રીતે તેમજ સામૂહિક રીતે નાનાં કે મોટાં જૂથમાં કામ કરવાનો - ભણવાનો અવસર મળે એવી અધ્યયન-પ્રક્રિયામાં મદદરૂપ બને એવાં પાઠ્યપુસ્તકો બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. અલબત્ત, નવા અભ્યાસક્રમ મુજબ પાઠ્યપુસ્તક પોતે પણ આખરે તો એક અધ્યયન-સામગ્રી છે, લક્ષ્ય નથી. મતલબ કે સાધન છે, સાધ્ય નથી. તેથી પાઠ્યપુસ્તક પોતે સમગ્ર શિક્ષણનું સાધન ન જ બની શકે તેમ છતાં એવું જરૂર કહી શકાય કે પ્રવૃત્તિલક્ષી શિક્ષણની આ તરાહ કદાચ સૌપ્રથમવાર પ્રયોજાઈ રહી છે. આશા છે કે આ પાઠ્યપુસ્તકોના ઉપયોગ દ્વારા અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા સરળ તેમજ રોચક બનશે.

નવા અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકોના નિર્માણની સમગ્ર પ્રક્રિયામાં માન. અગ્રસચિવશ્રી તેમજ પ્રાથમિક શિક્ષણ અગ્રસચિવશ્રી તરફથી સતત પ્રેરણા અને પ્રોત્સાહન મળી રહ્યાં છે.

આ સમગ્ર પ્રક્રિયામાં IGNUS-erg ટીમના સભ્યોએ પણ સતત માર્ગદર્શન આપતા રહીને સ્ટેટ રિસોર્સ જૂથના સભ્યોને સજ્જ બનાવ્યા છે. UNICEFનો સહયોગ પણ આ આખી પ્રક્રિયા દરમિયાન મળ્યો છે. જે-તે વિષયના કૉર ગ્રૂપના સભ્યોએ પણ વખતોવખત સહયોગ આપ્યો છે.

ધોરણ 1થી 8માં ચિત્રકલાની શિક્ષક-આવૃત્તિ ક્ષતિરહિત બનાવવા પ્રયત્ન કર્યો છે છતાં ક્ષતિ રહી ગઈ હોય તો ધ્યાન દોરવા વિનંતી છે.

| | |
|---|---|
| **એમ. ટી. શાહ** | **એચ. કે. પટેલ GAS** |
| **નિયામક** | **નિયામક** |
| **જી.સી.ઈ.આર.ટી.** | **ગુ.રા.શા.પા.મંડળ** |
| **ગાંધીનગર** | **ગાંધીનગર** |

તા. 11-1-2013

પ્રથમ આવૃત્તિ : 2012, પુનર્મુદ્રણ : 2013

**પ્રકાશક** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી
એચ. કે. પટેલ, નિયામક

**મુદ્રક** :

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજો નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

# અભ્યાસક્રમ

## પ્રથમ સત્ર


| | | |
|---|---|---|
| તાસ 1 | : કૅલિગ્રાફી | 5 |
| તાસ 2 | : છાપકામ | 6 |
| તાસ 3 | : વસ્તુચિત્ર | 7 |
| તાસ 4 | : સંયોજનચિત્ર | 8 |
| તાસ 5 | : પ્રકૃતિચિત્ર | 9 |
| તાસ 6 | : અક્ષરલેખન | 10 |
| તાસ 7 | : છાપકામ | 11 |


## દ્વિતીય સત્ર


| | | |
|---|---|---|
| તાસ 9 | : રંગપૂરણી | 12 |
| તાસ 10 | : ભાતચિત્ર | 13 |
| તાસ 11 | : વસ્તુચિત્ર | 15 |
| તાસ 12 | : સ્મૃતિચિત્ર | 16 |
| તાસ 13 | : વસ્તુચિત્ર | 17 |
| તાસ 14 | : ચિત્રસંયોજન | 18 |
| તાસ 15 | : કોલાઝવર્ક | 18 |
| તાસ 16 | : પ્રકૃતિચિત્ર | 19 |

# શિક્ષક-આવૃત્તિ વિશે...

રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા (NCF-2005) અને બાળશિક્ષણ અધિકારને ધ્યાનમાં રાખી ચિત્રકલા વિષયની શિક્ષક-આવૃત્તિ તૈયાર કરવામાં આવેલ છે. જે પ્રાથમિક શિક્ષક માટે ચિત્રકલાના શિક્ષણકાર્યમાં સહાયરૂપ થશે. આ ઉપરાંત અન્ય વિષયોના શિક્ષણકાર્ય માટે ચિત્રકલાનો ઉપયોગ કરી શિક્ષણ-પ્રક્રિયા રસપ્રદ બનાવી શકશે.

ચિત્રકલા દ્વારા બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિ તથા સૌંદર્ય ભાવનાનો વિકાસ થાય તથા ચિત્રકલાનાં વિવિધ કૌશલ્યો વિકસે તે હેતુસર દરેક ધોરણમાં ચિત્રકલા-હસ્તકલાની પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવેલ છે. જેથી શિક્ષક પોતે પણ કૌશલ્યો વિકસાવવા પ્રયત્ન કરી શકે છે. આ વિષયની વિવિધ પ્રવૃત્તિઓ બાળકોની અવલોકન શક્તિ તથા એકાગ્રતામાં વધારો કરવામાં મદદરૂપ થશે.

દેશ-દુનિયાની વિવિધ કલા સંસ્કૃતિઓનો પરિચય થાય અને તે દ્વારા જ્ઞાન-શક્તિમાં વધારો થાય છે. દરેક વિષય એકબીજા વિષય સાથે અનુબંધ ધરાવે છે, તેવી રીતે ચિત્રકલાને દરેક વિષય સાથે સરળતાથી સાંકળી શકાય છે. દરેક વિષયમાં ચિત્રકલાની ઘણી બધી અભ્યાસિક અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ મૂકવામાં આવી છે.

ધોરણ ૧થી ૫ (અજમાયશી)માં ભાષા, ગણિત અને પર્યાવરણ વિષય-શિક્ષણનું કાર્ય ચિત્રકલા પ્રવૃત્તિ આધારિત થાય છે. સાદી રેખાઓ અને રંગપૂરણીની પ્રવૃત્તિ વિશેષ મૂકવામાં આવી છે. ધોરણ ૬થી ૮ (નવા પાઠ્યપુસ્તક)માં સમજપૂર્વક અને જરૂર જણાય ત્યાં આકારો, વસ્તુચિત્રો, સ્મૃતિચિત્રો, ચિત્ર-સંયોજન જેવા ચિત્રકલાના વિષય આધારિત પ્રવૃત્તિઓ સમાવિષ્ટ કરેલ છે.

આમ, ચિત્રકલા વિષયનું મહત્ત્વ તથા ચિત્રકલા વિષય દ્વારા અન્ય વિષય શીખવવા સંદર્ભે શિક્ષક-આવૃત્તિથી પૂરતી સમજ અને માર્ગદર્શન મળી રહેશે. **આ શિક્ષક-આવૃત્તિમાં દર્શાવેલ પ્રવૃત્તિ નમૂનારૂપ છે. તેના સિવાયની પણ પ્રવૃત્તિઓ અન્ય વિષય આધારિત આપ કરાવી શકો છો.**

## ચિત્રકલાના હેતુ :

- ચિત્રકલાનું મહત્ત્વ જાણે.
- સૌંદર્યભાવનાનો વિકાસ થાય.
- અવલોકન-શક્તિનો વિકાસ થાય.
- કુદરતનાં તત્ત્વોને સમજવાનો પ્રયત્ન કરે.
- કલ્પનાશક્તિ વિકસે.
- પ્રયોગશીલતાનો વિકાસ થાય.
- સાંસ્કૃતિક કલાવારસાને જાણે અને માણે.
- વિવિધ મૂલ્યો કેળવાય.
- સૂષુપ્ત શક્તિઓ જાગ્રત થાય.
- પોતાના નવસર્જનનો આનંદ માણે.
- હસ્ત-કૌશલ્યનો વિકાસ થાય.

- કલાના પ્રવાહો વિશે જાણે.
- શોધ-શક્તિનો વિકાસ થાય.
- એકાગ્રતા વધે.
- સર્જનશીલતાનો વિકાસ થાય.
- સ્મૃતિ-શક્તિ સતેજ થાય.
- નવીન દૃષ્ટિ વિકસે.
- આત્મવિશ્વાસ વધે.
- વ્યાવસાયિક રીતે કલાનો ઉપયોગ કરે.

**જીવનમાં કલાનો ઉપયોગ તથા અસરો :**

- સ્વચ્છતા અને સૌંદર્યાત્મક અભિગમ કેળવે છે.
- ચોક્સાઈપૂર્વક કામ કરવાની ક્ષમતા પ્રાપ્ત કરે છે.
- આયોજનબદ્ધ કાર્યની ચીવટ રાખતા શીખે છે.
- વાસ્તવિક જીવનમાં કલા દ્વારા ઘડતર થાય છે.
- આંતરિક ભાવનાઓને વ્યક્ત કરવાનું સબળ માધ્યમ છે.
- બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓ જાગ્રત થાય છે. વિચારો, કલ્પનાઓ અને ભાવનાઓને વ્યક્ત કરવા મંથન કરે, જે શબ્દ સ્વરૂપે વ્યક્ત નથી કરી શકતા, તે ચિત્ર સ્વરૂપે વ્યક્ત કરી શકે છે.
- આજુબાજુ પર્યાવરણમાં બનતી ઘટનાઓનો સીધો પડઘો તેમાં પાડી શકે છે. જે દ્વારા સમાજને વિવિધ સંદેશાઓ પહોંચાડી શકે છે.
- ચિત્રકલા શીખતા અન્ય વિષયો શીખવા માટે ચિત્રકલાનો ઉપયોગ કરી પોતે જ માહિતીનું જ્ઞાનમાં રૂપાંતર કરે છે.
- ભવિષ્યમાં ચિત્રકલાનો વ્યાવસાયિક ધોરણે સફળતાપૂર્વક ઉપયોગ કરી સમાજમાં ઉચ્ચ સફળતા પ્રાપ્ત કરી શકે છે.
- ચિત્રકલાથી એકાગ્રતાની ચરમ સીમા સુધી પહોંચી શકે છે.
- કલ્પનાશક્તિ, અવલોકનશક્તિ દ્વારા સર્જનાત્મક કૌશલ્યો વિકાસ સાધી શકે છે, જે અન્ય વિષયોમાં પણ ઉપયોગી થઈ શકે છે.
- ચિત્રકલાથી પરમ આનંદની અનુભૂતિ કરી શકાય જેના દ્વારા અન્ય શક્તિઓનો વિકાસ સાધી શકીએ છીએ.
- ચિત્રકલા દ્વારા રુચિ કેળવાય છે અને રુચિથી રસ ઉત્પન થાય છે અને રસથી ધારણા વધે છે, જે અન્ય વિષયોમાં ઉપયોગી નીવડે છે.
- સહભાગીદારિતા વધે છે. જૂથ-ભાવના વધે છે તથા કુદરત પ્રત્યે પ્રેમ સધાય છે. કુદરતને નિકટતાથી સમજી શકાય છે.

- ચિત્રકલાથી ક્રિયાશીલતામાં વધારો થાય છે તથા પ્રયોગશીલતા વધે છે. નવું-નવું શોધવાની વૃત્તિ વિકસે છે. મૂર્ત અને અમૂર્ત, સારું અને નરસું, સાચું અને ખોટું જેવી બાબતોનું અર્થઘટન કરી શકાય છે.
- ચિત્રકલાથી રંગોની દુનિયાનો પરિચય મળે છે અને પરિચય દ્વારા પર્યાવરણમાં બનતી ઘટનાઓને દશ્યરૂપે દર્શાવી શકાય છે.
- ચિત્રકલા દ્વારા ભૂતકાળને સમજી શકે છે, વર્તમાનને અનુભવી શકે છે અને ભવિષ્યમાં સર્જન કરી શકે છે.
- ચિત્રકલા દરેક વિષયનું હાર્દ છે.
- અન્ય વિષયને જે શબ્દથી સમજી નથી શકાતું ત્યાં ચિત્રકલા મદદરૂપ બને છે.

## ચિત્રકલાના માધ્યમથી પ્રાપ્ત થતાં વિવિધ કૌશલ્ય/શક્તિ :

- હસ્ત-કૌશલ્ય
- કલ્પનાશક્તિ
- સર્જનશક્તિ
- અવલોકનશક્તિ
- વૈચારિકશક્તિ
- સ્મૃતિશક્તિ વગેરે.

## અન્ય વિષયો સાથે અનુબંધ :

પ્રાથમિક શાળાનાં બાળકોને ચિત્રકામ વધારે ગમતો વિષય છે. ચિત્રકલાની પ્રવૃત્તિ બાળકને આનંદ આપે છે. આથી ધોરણ ૧થી ૩ સુધીમાં કલા-પ્રવૃત્તિ દ્વારા શિક્ષણકાર્ય થાય છે. ખાસ કરીને જુદા જુદા પ્રકારની રેખાઓ, ભૌમિતિક આકારો, સાદા આકારો અને રંગકામ તથા ક્રાફ્ટ વર્કની પ્રવૃત્તિઓ વિશેષ મૂકવામાં આવી છે.

## આટલું ધ્યાન રાખીએ...

- જે કંઈ પણ રેખાંકન ચિત્રકામ વિદ્યાર્થી-આવૃત્તિમાં કરવાનું આવતું હોય ત્યાં શિક્ષક તરીકે આપણે ધ્યાનમાં રાખવાનું કે જે-તે બાળક પોતે જ ચિત્રકામમાં જોડાય.
- ક્રાફ્ટ વર્કની પ્રવૃત્તિમાં જે કાંઈ ચીજવસ્તુની જરૂર જણાય તે વસ્તુઓ આપણે અગાઉથી વર્ગખંડમાં તૈયાર કરી લઈએ. (નકામી વસ્તુઓ, ગુંદર, પૂંઠા, કાર્ડસિટ્સ, સળીઓ, ખોખાં, કપડા, ટુકડા વગેરે.)
- ચિત્રકલા પ્રાયોગિક કાર્ય છે. જેથી કલા-પ્રવૃત્તિ દરમિયાન શિક્ષકશ્રી સતત બાળકો સાથે રહીને તેમને માર્ગદર્શન અને પ્રોત્સાહન આપે તે જરૂરી છે.
- ચિત્રકલા-પ્રવૃત્તિમાં રંગ, પાણી, પીંછી, ગુંદર, કાતર, ચીજવસ્તુઓ આવી ઘણી બધી સામગ્રી સાથે વિદ્યાર્થીએ પ્રવૃત્તિ કરવાની થાય છે. ત્યારે વર્ગ વ્યવસ્થા, વર્ગખંડમાં પ્રકાશ અથવા જરૂરી ખુલ્લી જગ્યા અથવા વર્ગખંડ બહાર પણ ખુલ્લી જગ્યામાં પ્રવૃત્તિ કરાવી શકાય છે.
- ધોરણ ૧થી ૫માં બને ત્યાં સુધી મીણિયા કલરનો ઉપયોગ કરવો.

## ચિત્રકલાના વિષય વિશે જાણીએ...

### ચિત્રકલાનાં મૂળતત્ત્વો :

(૧) રેખા (૨) રંગ (૩) આકાર (૪) છાયાપ્રકાશ

### ભાતચિત્રના સિદ્ધાંતો :

(૧) પુનરાંકન, સાદું, ઊલટસૂલટ, વૈકલ્પિક, સર્વવ્યાપી

(૨) વિસ્તરણ બિંદુમાંથી, કેન્દ્રમાંથી, પાયામાંથી, ધરીમાંથી, રેખામાંથી, વળાંકમાંથી

(૩) સમતોલન સમ અને વિષમ

### નીચે જણાવેલ વિવિધ કૌશલ્યો દ્વારા ચિત્રકૃતિ તૈયાર થાય છે :

- રેખા-કૌશલ્ય
- રંગપૂરણી-કૌશલ્ય
- છાયા-પ્રકાશ-કૌશલ્ય
- ચિત્ર અનુરૂપ વિવિધ આકારોની ગોઠવણીનું કૌશલ્ય

### ઉપર્યુક્ત કૌશલ્યો વિકસી શકે તે માટેની પ્રવૃત્તિઓ આ પ્રકારની હોઈ શકે :

- રેખા-કૌશલ્ય : કેલિગ્રાફીની વિવિધ પ્રવૃત્તિઓ, અક્ષર-લેખન વગેરે.
- રંગપૂરણી-કૌશલ્ય : ભાતચિત્ર, છાપકામ, રંગોળી, ઓવરલેપિંગ આકારો વગેરે.
- છાયા-પ્રકાશ-કૌશલ્ય : પદાર્થચિત્ર, નેચર
- ચિત્ર અનુરૂપ વિવિધ આકારોની ગોઠવણીનું કૌશલ્ય : ચિત્ર-સંયોજન, પ્રચાર-ચિત્ર, પ્રસંગ-ચિત્ર

### ચિત્રકલાની શિક્ષણ પદ્ધતિ :

- નાનાં બાળકોને બોર્ડ પર લખી તે રસપ્રદ વાર્તા કરી કોઈ એક વિષય પર ચિત્ર દોરવા જણાવવું. પ્રાથમિક તબક્કે ઝાડ, સૂરજ, પાન વગેરે જેવાં સાદાં ચિત્ર દોરાવવાં.
- કલ્પનાચિત્ર, સ્મૃતિચિત્ર, અક્ષર-લેખન, ભાતચિત્ર (બટેકા, ભીંડા, કાગળના ડૂચા, રંગમાં બોળેલી દોરીથી છાપકામ કરાવવું.)
- જરૂર પડે ત્યાં બાળકોને માર્ગદર્શન આપવું.

### ચિત્રકલાના મૂલ્યાંકન માટે નીચેની બાબતો ચકાસી શકાય :

- ચિત્ર કાગળના પ્રમાણમાં છે કે કેમ ?
- ચિત્રમાં રંગો બરોબર પૂરેલ છે કે કેમ ?
- ચિત્રકામ કરેલ કાગળની સફાઈ ચકાસવી વગેરે બાબતો જોઈ શકીએ.
- માટીનાં રમકડાં કે કોઈ અન્ય વસ્તુનું સર્જન કરેલ હોય તો તેનું પ્રમાણ, રંગકામ, ચોકસાઈ વગેરે બાબતો જોઈ શકાય.

# પ્રથમ સત્ર

## ધોરણ-7 ચિત્રકલા

### તાસ : 1

**વિષય :** કેલિગ્રાફી

**સાધનો :** ડ્રોઈંગ પેપર, પેન્સિલ, રબર, બ્લેક ડ્રોઈંગ પેન, હાથનો પંજો

**પદ્ધતિ :**
- 6 x 8 ઈંચના માપના લંબચોરસ બનાવો. ડ્રોઈંગ પેપરના લંબચોરસ પર હાથનો પંજો મુકી ફરતી બાજુ પેન્સિલ ફેરવી પંજાનું ડ્રોઈંગ તૈયાર કરવું. પંજાના આકારના મધ્ય ભાગ તથા આંગળીમાં કેલિગ્રાફીનો ઉપયોગ કરી ડીઝાઈન દોરો. આ રીતે મહેન્દીની ડિઝાઈન તૈયાર થશે. આ ડિઝાઈન પેન્સિલથી અથવા કાળી ડ્રોઈંગ પેનથી કરી શકાય.

**સૂચના :**
- આડી, ઊભી, ત્રાંસી, વક્ર, ગૂંચળાકાર, કોણાત્મક લીટીથી ખુલ્લી આકૃતિ કે બંધ આકૃતિ બનાવવા ઉપયોગ થાય છે. ગોળ, લંબગોળ, ત્રિકોણ, ચોરસ, લંબચોરસ વગેરે બંધ આકૃતિ છે. આ તમામ લીટી અને આકારથી ડિઝાઈન તૈયાર થાય છે.
- આ નમૂનારૂપ ચિત્ર આપેલ છે. આ નમૂનામાંથી આપેલ લીટી તથા બંધ આકૃતિનો ઉપયોગ કરી અન્ય મહેંદી ડિઝાઈન તૈયાર કરી શકાય છે. શિક્ષકે સ્કેચબુકમાં આ મહેંદીનું ચિત્ર તૈયાર કરવું.
- ચોકસાઈ, ધીરજ અને હાથના કૌશલ્યનો વિકાસ આ ચિત્રથી થાય છે.



# તાસ : 2

**વિષય :** છાપકામ

**સાધનો :** ડ્રૉઈંગ પેપર, પેન્સિલ, રબર, જળરંગ, વનસ્પતિનાં પાન

**પદ્ધતિ :**
- વનસ્પતિનાં નાનાં-મોટાં અને છાપકામ યોગ્ય પાન એકઠાં કરવાં. તે પાન પર ક્રમશઃ આંગળીથી ડાર્ક રંગ લગાવવા અને તે પાનની રફ પેપર પર પ્રિન્ટ પાડવી. છાપ સ્પષ્ટ આવવા લાગે ત્યારે નમૂનારૂપ પેપર પર છેલ્લી છાપ પાડવી. આવી અન્ય પાન અને જુદા જુદા રંગથી છાપ પાડવી.

**સૂચના :**
- શિક્ષકે આપેલ નમૂનાનો ઉપયોગ કરી છાપકામ કરવું અને બાળકોને કરાવવું.



# તાસ : 3

**વિષય :** વસ્તુચિત્ર

**સાધનો :** ડ્રૉઈંગ પેપર, પેન્સિલ, રબર, જળરંગ, પેન્સિલ રંગ વગેરે

**પદ્ધતિ :**
- માનવસર્જિત વસ્તુ જેવી કે રબર-ખુરશી-ડબો જેવી વસ્તુનું અવલોકન બાળકોને કરાવવું અને જૂથની વચ્ચે વસ્તુઓ ગોઠવવી. બાળકો અવલોકન કર્યા બાદ પેન્સિલથી ડ્રૉઈંગ કરે તે માટે પ્રથમ શિક્ષકે ચિત્ર દોરીને સમજ આપવી. ત્યાર બાદ બાળકો આ ચિત્ર પોતાની શક્તિ અનુસાર સારી રીતે કરી શકે તે માટે વ્યક્તિગત માર્ગદર્શન પૂરું પાડવું અને દરેક બાળક પેન્સિલથી છાયા-પ્રકાશ આપી પૂર્ણ કરે તેમ કરવું.

**સૂચના :**
- આપેલ નમૂનો માત્ર આધારરૂપ છે, આવી અન્ય વસ્તુનું ચિત્ર દોરી શકાય.



## તાસ : 4

**વિષય :** સંયોજન ચિત્ર

**સાધનો :** ડ્રૉઈંગ પેપર, પેન્સિલ, રબર, ટ્રેસિંગ પેપર, પેન્સિલ રંગો, રબર

**પદ્ધતિ :** • સ્કેચ બુકના પેપર પર 6 x 8 ઈંચના માપના લંબચોરસ બનાવો. જમીન, આકાશ, સૂર્ય, વાદળ, ઝાડ, ઘર, ઝૂંપડી, સસલાં, પાણી, પથ્થર જેવા આકારોનો ઉપયોગ કરી સંયોજન ચિત્ર તૈયાર કરો. મનપસંદ પેન્સિલ કલરનો ઉપયોગ કરી ચિત્ર પૂર્ણ કરો.

**સૂચના :** • આપેલ નમૂનારૂપ ચિત્રની ટ્રેસિંગથી (છાપીને) પ્રતિકૃતિ કરી રંગકાર્ય કરી શકાય છે. જુદા જુદા આકારોનું ટ્રેસિંગ કરી અન્ય સંયોજન કરી શકાય છે. બાળકો આકારની બહાર રંગો પૂરે નહિ તે માટે દરેક ડ્રૉઈંગનું કાળી ડ્રૉઈંગ પેનથી રેખાંકન કરાવવું.





# તાસ : 5

**વિષય :** પ્રકૃતિ ચિત્ર

**સાધનો :** ડ્રૉઈંગ પેપર, પેન્સિલ, રબર, જળરંગ, પેન્સિલ રંગ વગેરે

**પદ્ધતિ :**
- કુદરતી વસ્તુ જેવી કે શાકભાજી, ફળો, વનસ્પતિની ડાળી વગેરેનું અવલોકન બાળકોને કરાવવા આપવું અને જૂથની વચ્ચે વસ્તુઓ ગોઠવવી બાળકો અવલોકન કર્યા બાદ પેન્સિલથી ડ્રૉઈંગ કરે તે માટે શિક્ષકે પ્રથમ ડેમોસ્ટ્રેશન આપવું અને બાળકોને સમજાવવું. ત્યાર બાદ બાળકો આ ચિત્ર પોતાની શક્તિ અનુસાર સારી રીતે કરી શકે તે માટે વ્યક્તિગત માર્ગદર્શન પૂરું પાડવું અને દરેક બાળક પેન્સિલથી અથવા તો રંગથી ચિત્ર પૂર્ણ કરે તેમ કરવું.

**સૂચના :**
- આપેલ નમૂનો માત્ર આધારરૂપ છે. આવાં અન્ય પ્રકૃતિ ચિત્ર બતાવી શકાય. છાયા અને પ્રકાશનો ઉપયોગ થઈ શકે. તે માટે જરૂર જણાય તો નિષ્ણાતનું માર્ગદર્શન લેવું.





આપેલ ચિત્ર જેવું. ચિત્ર દોરીને તેમાં જળરંગ પૂરો.

## તાસ : 6

**વિષય :** અક્ષરલેખન

**સાધનો :** ડ્રોઈંગ પેપર, ફૂટપટ્ટી, પેન્સિલ, રબર, વૉટર કલર વગેરે

**પદ્ધતિ :**

- બે શબ્દથી અથવા એક શબ્દથી અક્ષરલેખન 'ગુજરાતી' અથવા 'અંગ્રેજી' ભાષામાં કરી શકાય છે. આપેલ નમૂના મુજબ અક્ષરનો દેખાવ કોણાત્મક અથવા ગોળાઈથી કરી શકાય છે. બને ત્યાં સુધી અક્ષરોની બે લાઈન વચ્ચે વધુ જગ્યા રહે તેવા ભરાવદાર અક્ષર કરાવવા.
- અક્ષરલેખન પેન્સિલથી અથવા રંગથી કરી શકાય છે. પેન્સિલથી ઘૂંટવા માટે અંદર કેલિગ્રાફી ડિઝાઈનનો ઉપયોગ કરી શકાય છે અને રંગથી કર્યા પછી દરેક અક્ષરને કાળી બોર્ડર આપી વધુ સારું કરાવી શકાય છે.






# તાસ : 7

**વિષય :** છાપકામ

**સાધનો :** ડ્રૉઇંગ પેપર, પેન્સિલ, રબર, જળરંગ, વનસ્પતિનાં પાન, બટાકુ

**પદ્ધતિ :**
- એક બટાકાને વચ્ચેથી છરી વડે સમતલ કાપવું. બાજુમાં દર્શાવેલ આકૃતિ પ્રમાણે બટેટા પર છરી વડે કાપા પાડવા અને બટેટાનો બ્લૉક બનાવવો. આ બ્લૉક પર જુદા જુદા ક્રમશઃ ડાર્ક રંગ પસંદ કરી છાપો પાડવી, છાપોને ગોઠવી પાલવની ડિઝાઇન, તોરણની ડિઝાઇન, રંગોળીની ડિઝાઇન બનાવી શકાય છે.

**સૂચના :**
- શિક્ષકે આપેલ નમૂનાનો ઉપયોગ કરી છાપકામ કરવું અને બાળકોને કરાવવું.





બાજુમાં દર્શાવ્યા પ્રમાણે બટેટામાંથી કટિંગ કરી અને રંગના ઉપયોગથી છાપ પાડો. (અન્ય ડિઝાઇન કે રંગનો ઉપયોગ પણ થઈ શકે)

# દ્વિતીય સત્ર

## ધોરણ 7 ચિત્રકલા

### તાસ : 9

**વિષય :** રંગપૂરણી

**સાધનો :** જળરંગો, પીંછી, ડિશ

**પદ્ધતિ :** નીચે આપેલ ચિત્રમાં મનપસંદ રંગો પુરાવવા.

**સૂચના :** • શિક્ષકે પોતે રંગપૂરણીનું નિદર્શન બતાવવું.



## તાસ : 10

**વિષય :** વર્તુળમાં ભાતચિત્ર

**સાધનો :** પરિકર, પેન્સિલ, ટ્રેસિંગ પેપર, રબર, ફૂટપટ્ટી

**પદ્ધતિ :**
- વર્તુળ બનાવો.
- પ્રથમ ચાર સરખા ભાગ પાડો.
- ત્યારબાદ આઠ સરખા ભાગ પાડો
- ૧/૪ ભાગમાં તૈયાર દોરેલા ચિત્ર પર ટ્રેસિંગ પેપર મૂકીને નીચે દેખાતો ભાગ ટ્રેસિંગ પેપરમા પેન્સિલની મદદથી દોરવો (છાપવો).
- ત્યાર બાદ ટ્રેસિંગ પેપરને બીજા અન્ય ત્રણ ભાગમાં છાપવું.
- તૈયાર થયેલ ચિત્રમાં મનપસંદ રંગ પૂરવા.

**સૂચનાઓ :**
- શિક્ષક સૌપ્રથમ ટ્રેસિંગ કરતાં અને છાપતાં શીખવશે.
- ગમે તે એક ભાતચિત્ર તૈયાર કરાવવું.





# તાસ : 11

**વિષય :** વસ્તુચિત્ર

**વિષયાંગ :** લંબબૉક્સ, વૉટરબૅગ વગેરે

**સાધનો :** પેન્સિલ, રબર

**પદ્ધતિ :**
- સૌપ્રથમ પેન્સિલ વડે રેખાંકન કરવું.
- બૉક્સની બે બાજુ દેખાય તે રીતે ચિત્ર બનાવવું.
- પેન્સિલ વડે છાયા-પ્રકાશ (શેડિંગ) આપવું.

**સૂચનાઓ :**
- શિક્ષકશ્રી ચિત્ર દોરવાનું નિદર્શન આપશે.
- સ-પ્રમાણતાની સમજ આપશે.
- પદાર્થો ગોઠવીને દોરાવવું.



## તાસ : 12

**વિષય :** રમતનું ચિત્ર (સ્મૃતિચિત્ર)

**સાધનો :** પેન્સિલ, રબર, રંગ

**સૂચના :** ● બાળકોને ગમતી રમતનું ચિત્ર દોરાવવું.



## તાસ : 13

**વિષય :** વસ્તુચિત્ર

**વિષયાંગ :** બૉટલ, ગ્લાસ

**સાધનો :** પેન્સિલ, રબર

**પધ્ધતિ :**
- સૌપ્રથમ પેન્સિલ વડે રેખાંકન કરવું.
- પેન્સિલ વડે છાયા-પ્રકાશ (શેડિંગ) આપવું, છાયા-પ્રકાશ આપવામાં 6B પેન્સિલનો ઉપયોગ કરાવવો.

**સૂચનાઓ :**
- શિક્ષકશ્રી ચિત્ર દોરવાનું નિદર્શન આપશે.
- સ-પ્રમાણતાની સમજ આપશે.
- કોઈ પણ બે પદાર્થો ગોઠવીને દોરાવવું.





# તાસ : 14

**વિષય :** ચિત્રસંયોજન

**વિષયાંગ :** આઇસક્રીમ પાર્લર

**સાધનો :** પેન્સિલ, રબર, જળરંગો, પીંછી

**સૂચનાઓ :**
- કા.પા. પર શિક્ષક નમૂનાચિત્રનું રેખાંકન બતાવશે. (સાદું પ્રમાણ સ્કેચ)
- યોગ્ય રંગો પૂરવા.



## તાસ : 15

**વિષય :** કાગળ કૉલાજ (મોઝેક ચિત્ર)

**વિષયાંગ :** પ્રાણી

**સાધનો :** રંગીન છાપાની પૂર્તિ, ગુંદર

**પદ્ધતિ :**
- દોરેલા આકારોમાં છાપાની રંગીન પૂર્તિમાંથી યોગ્ય રંગના નાના નાના ટુકડાઓ હાથ અથવા કાતર વડે કાપતા જઈને ગુંદર વડે ચોંટાડવા.



## તાસ : 16

**વિષય :** પ્રકૃતિચિત્ર

**સાધનો :** પેન્સિલ, રબર, જળરંગો, પીંછી

**પદ્ધતિ :** સૌપ્રથમ શિક્ષકે વનસ્પતિનાં પાનનું નિરીક્ષણ કરાવવું. ત્યાર બાદ રેખાંકન કરવું. વાસ્તવિક જળરંગો પુરાવવા.

**સૂચના :** • શિક્ષકે રેખાંકન કરી રંગપૂરણી કરવી.



• • •